# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954



## ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુદિલ્હી (FICCI)ની કારોબારી સમિતિની ચુટણીમાં સતત બીજી ટર્મમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની જીત.... સમગ્ર વેપાર-ઉદ્યોગ આલમમાં હર્ષની લાગણી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી હર હંમેશ વેપાર-ઉધોગના પ્રશ્નોના યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ ચેમ્બર નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ન્યુ દિલ્હીમાં સભ્યપદ ધરાવે છે. તાજેતરમાં (FICCI) ન્યુ દિલ્હીની ૯૭ મી વાર્ષિક સામાન્ય સભા તથા કારોબારી સમિતિની ચુંટણી યોજવામાં આવેલ હતી. આ સંઘર્ષમય કારોબારી સમિતિની ચુંટણીની ટ્રેડ અને સર્વિસ કેટેગરીમાં સતત બીજી ટર્મમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની જીત થયેલ છે. FICCI ની કારોબારી સમિતિમાં ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ માટે ગૌરવની બાબત ગણાય.

FICCI એ નેશનલ લેવલની સંસ્થા હોય ભારત દેશના રાજયોની તમામ ચેમ્બરોનું ફેડરેશન છે. જેના મંતવ્યો તથા માર્ગદર્શન દેશની આર્થિકનીતી ધડવા માટે ખુબ જ મહત્વના ગણાય છે. તેમજ ઈન્ટરનેશનલ ડેલીગેશન અને કેન્દ્ર સરકાર સાથે આર્થિક વિચાર—વિમર્શ કરવા માટે ભારતનું મુખ્ય સેન્ટર ગણાય છે. તેથી આ સ્થાન પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે. આમ FICCI ની કારોબારી સમિતિમાં સ્થાન મળવાથી રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ખુબ જ ઉંચી ઉડાન ભરી છે.

સાથો સાથ ASSOCHAM ન્યુદિલ્હીમાં પણ કારોબારી સમિતિની સતત બીજી ટર્મમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને પ્રાધાન્ય મળેલ છે. તેમજ મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ પ્રતિનિધિ તરીકે કાર્યરત છે. આથી તમામ વેપાર–ઉધોગરોને તેઓને ઉદ્ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે.